# સાચા સર્જકની તાતી જરૂર

વર્ષા અડાલજા

Out beyond ideep
of wrongdoing and rightdoing,
there is a field
I will meet you there.

(Jelaluddin Rumi, ૧૩th century)

સાચ-જૂઠના આપણા વિચારોનીયે પેલે પાર એક પ્રદેશ છે, હું તને ત્યાં મળીશ. સર્વ સરહદોની પારનો પ્રદેશ. સર્જકની ભૂમિ.

અફઘાનિસ્તાન. વિકરાળ પથ્થરિયા પર્વતોની ભયંકર ઠંડી અને કાળઝાળ ગરમીની ભૂમિ. અખબારોને અંદરને પાને, તો ક્યારેક હિસ્ટ્રી ચેતન પર ચમકતું ચર્ચાતું નામમાત્ર. ન ટુરિસ્ટ એટ્રેક્શન કે ન રંગરગીલા દેશની ઇમેજ. અને ૨૦૦૧માં તાલિબાનને ત્યાંથી ઉખેડી નાખવા અમેરિકા અફઘાનિસ્તાનમાં પ્રવેશ્યું અને સમગ્ર વિશ્વની આંખ અફઘાનિસ્તાન પર મંડાઈ. ભયંકર હિંસાચાર, આતંકવાદ, સ્ત્રીઓ પર અમાનુષી બર્બર અત્યાચાર અને કલ્પી પણ ન હોય એવી એમની પર જડબેસલાક પાબંદીઓ. છતાં દુનિયા એ બાજુ આંખમિંચામણાં કરતી હતી. અને અચાનક ૨૦૦૩, નવા લેખકની પહેલી જ નવલકથા પ્રગટ થઈ અને સમગ્ર વિશ્વના લાખો લોકોનાં દિલોદિમાગ પર છવાઈ ગઈ.

એ નવલકથા હતી 'કાઇટ રનર'. લેખક ખાલિદ હુસૈની. 'કાઇટ રનર' બ્લૉકબ્લસ્ટર ફિલ્મ બની ગઈ. બીજી નવલકથા 'અ થાઉઝન્ડ સ્પ્લેન્ડીડ સન્સ.' ખરીદતાંવેંત એ નવલકથા પૂરી કરે જ મારો છૂટકો થયો. કથામાં પ્રવેશ કર્યા પછી ચક્રવ્યૂહના કોઠાની જેમ એમાંથી નીકળવું અસંભવ. 'કાઇટ રનર'માં બે દોસ્તની હૃદયસ્પર્શી કથા છે. પણ 'અ થાઉઝન્ડ સ્પ્લેનડીડ સન્સ'માં બે સ્ત્રીઓની અત્યંત વેદનાસભર કથા છે. પતિ બંને સ્ત્રીઓ સાથે ગુલામોથી બદતર વ્યવહાર કરે છે. એક ઘરમાં છે ને બીજીને લઈ આવે છે, બંને ધીમે ધીમે બધું ભૂલીને વેદનાના અક્ષાંશ-રેખાંશ પર એકમેકને મળે છે. બ્રધરહૂડ–બંધુત્વની ભાવનાના ગુણ ગવાયા છે પણ અત્યંત કપરા સંજોગોમાં બે અભણ, ગુલામ સ્ત્રીઓ ભગિનીત્વ–સિસ્ટરહૂડની ભાવનાથી એકમેકને મદદ કરે છે, અને અંતે સ્ટોનિંગ અન્ટીલ ડેથ – મૃત્યુ પર્યંત પથ્થરમારાના દશ્યને હું દિવસરાત વિસરી ન શકી.

એક સુંદર પુસ્તક વાંચી લીધા પછી પણ તેનાં પૃષ્ઠો મનમાં ફરફરતાં રહે છે,

તેનો સૌને ક્યારેક તો અનુભવ થયો જ હશે. જાણે મેં તો પુસ્તક મૂકી દીધું, પણ પુસ્તકે મને મૂકી નથી. અને હવે ખાલિદની ત્રીજી નવલકથા 'And The Mountains Echoed', છે તો અફઘાનિસ્તાનમાં આકાર લેતી પણ ખાલિદ કહે છે, મારી કથાઓ કુટુંબકથાઓ છે, ફૅમિલી સ્ટોરીઝ દરેક વાચકના તાર ક્યાંક ને ક્યાંક તો વાર્તાનાં પ્રસંગો-પાત્રો સાથે મળેલા છે. ખાલિદે ૧૯૭૬માં, દસ-અગિયારની વયે કુટુંબ સાથે કાબુલ છોડ્યું ત્યારે કાબુલ શાંત અને સ્થિર રાજ્ય હતું. પિતાની બદલી પૅરિસ થઈ અને થોડા સમયમાં સામ્યવાદે કબજો લીધો. દેશની પરિસ્થિતિ કથળતી ગઈ. પાછા ફરવાનો પ્રશ્ન નહોતો. હુસૈની કુટુંબને અમેરિકામાં રાજ્યાશ્રય મળ્યો. ત્યાં ખાલિદ ડૉક્ટર બન્યો.

નાની વાર્તાઓ લખવાનો શોખ ખરો પણ નવલકથાકાર બનવાનું તો સપનુંય નહીં. પણ પાર્ટીમાં, લગ્નસમારંભોમાં, વતનથી દૂર વસેલા (અને હવે દેશનિકાલ જેવી સ્થિતિમાં જીવતા) અફઘાનીઓની હમવતનીઓ પાસેથી દેશના ભૂતકાળની, તાલિબાની અત્યાચારોની વાતો મનમાં ઝમતી રહેતી. વતનની દુર્દશાની પીડા, સુખસાહ્યબીભરી જિંદગીમાંય કાંટાની જેમ ચૂભતી રહેતી. ૨૦૦૩ પછી એની પહેલી નવલકથા પછી ખાલિદે અવારનવાર અફઘાનિસ્તાન જવા માંડ્યું. ૨૦૦૯માં યુએન રેફ્યૂજી એજન્સી સાથે અફઘાનિસ્તાન જવાનું થતાં દૂર દૂરનાં અંતરિયાળ ગામડાંઓ, અનેક નાની નાની જાતિઓ, વૉર લૉર્ડને મળવાનું – તેમને સાંભળવાનું બનતું. ત્યારે અફઘાનિસ્તાનના નિર્જન પર્વતીય વિકરાળ પ્રદેશો, હિંસક જાનવરની જેમ માણસોને કોળિયો કરી જતી કાતિલ ઠંડીની વાતો સાંભળી એ આંતરબાહ્ય ખળભળી ઊઠ્યો. એ ભયાનક ઠંડીમાંથી પોતાના કુટુંબને, કોઈ પણ ભોગે રક્ષવાની, બચાવવાની અને મૃત્યુને હંફાવી દેતી સ્વાર્પણની કથાઓ સાંભળી અને એ બધું અગાઉની બંને નવલકથાની જેમ, જગતની સામે મૂકવા ખાલિદે કથાનક ઘડવાની શરૂઆત કરી દીધી.

અને 'And the Mountains Echoed' લખાઈ.

૧૯૫૨. અફઘાનિસ્તાનનું શાડબાઘ નામનું એક સાવ નાનું ગામડું. અત્યંત ગરીબ, સખત પરિશ્રમી લોકો. કેટકેટલા અભાવો વચ્ચે જીવવાનું ! અને કાતિલ ઠંડી. અબ્દુલ્લા અને પરી બે ભાઈબહેન. સુંદર પરી જેવી જ પરી. અબ્દુલાને જાનથી પ્યારી. અને પિતા પરીને શહેરના અત્યંત સુખી સમૃદ્ધ નિઃસંતાન દંપતીને, વેચી દે છે તો કેમ કહેવાય ! ખરેખર તો પરીને જિવાડવાની મથામણ છે આ. પછી અબ્દુલ્લાનું હીજરાવું. પરી પણ ભવસાગરમાં ક્યાંની ક્યાં ફંગોળાય છે ! અંતે જીવનને સંધ્યાકાળે બંને મળે છે ત્યારે અબ્દુલ્લા અલ્ઝામરથી પીડાય છે...

કથા અનેક વળાંકો લેતી આશ્ચર્યચકિત કરતી, વાચકને સાથે ખેંચી જતી વહેતી રહે છે. એક સર્જક તરીકે ખાલિદે કથાનું માળખું અદ્‌ભુત રીતે ઘડ્યું છે.

વાર્તા આગળ વધતી હોય ત્યારે તત્કાલીન અફઘાનિસ્તાનની રાજકીય, સામાજિક

પરિસ્થિતિ – પ્રસંગો પણ એમાં ગૂંથાતાં જાય છે. એને શું કહીશું ? સામાજિક કુટુંબકથામાં ગૂંથાતો રાજકીય ઇતિહાસ કે એથી ઊલટું !

કથાનો ઉપાડ થાય છે એક કુટુંબના સભ્યોનાં જુદી જુદી દિશામાં ફંટાતા જતાં જીવનથી, વચ્ચે એવાં પાત્રો-પ્રસંગો આવતાં જાય છે, જે વિશે આપણને, કથામાં તેની હાજરી વિશે નવાઈ લાગે. પણ પછી કથાના લંબાતા જતા દોરમાં એ પાત્રો અને પ્રસંગો આગળ પર એ રીતે જોડાઈ જાય કે સર્જકની કલમ અને કાબેલિયત પર વારી જવાય.

જ્યારે ખાલિદ એના દેશનાં અત્યંત ગરીબ, અભાવગ્રસ્ત લોકો, ઠંડીમાં મોતને ભેટતા તંબુઓમાં વસતા ઉપેક્ષિત નિરાશ્રિત અફઘાનીઓને જુએ છે ત્યારે ખાલિદે એક મુલાકાતમાં કહ્યું કે "It was pure genetic Lottery – nothing more than chance seperates me from a family of refugees living in a camp in Pakistan."

આપણે માટે પણ એક જિનેટિક લૉટરી છે, એક સુખદ અકસ્માત છે કે ભારતનાં ગામડાંઓના અંતરિયાળ ભાગોમાં, અસહ્ય ગરીબી અને ભૂખતરસથી પીડાતા જનસમૂહમાં આપણે જન્મ્યા નથી. આપણાં સ્વજનો કોમી દંગાઓમાં માર્યાં ગયાં નથી કે અત્યાચાર – અન્યાયનો ભોગ બન્યાં નથી.

હા, એ એક અકસ્માત છે. પણ પછી ખાલિદે કલમ ઉઠાવી, સાચજૂઠની સરહદો પારના પ્રદેશની ભૂમિ પર ઊભા રહી, પોતાના વતનની – પોતાના દેશની પ્રજાની કથા પર સમગ્ર વિશ્વનું ધ્યાન દોર્યું. સાદી – સરળ ભાષા, કથામાં સત્યનો રણકો, સર્જન પ્રત્યે પૂરી નિષ્ઠા અને વફાદારીએ નવલકથાઓને બેસ્ટ સેલર બનાવી. ના. માર્કેટિંગના ખોટા તરકડા વિના. અને ખાલિદની નવલકથાઓ વિશ્વના સિત્તેરથી વધુ દેશોમાં લાખોની સંખ્યામાં વેચાઈ – વેચાતી રહી છે.

આપણા દેશના કણકણમાં કથાઓ છે. કયા દેશમાં અત્યાચાર હિંસાઓની કહાણી નથી ! આતંકવાદના ઝેરી ભાલા ભોમાંથી સરોસર વીંધી નાંખતાં નીકળ્યા છે. જ્ઞાતિવાદ અને એ ઝેરી વૃક્ષનાં મૂળિયાં હજી જમીનમાં ઊંડા ઊતર્યાં છે. ભ્રષ્ટાચાર, હિંસા, સ્ત્રીઓ પર અત્યાચાર...

એઝરા પાઉન્ડ કહે છે તેમ, કલાકારો પ્રજાના અગ્રતંતુ છે. એટલે કે રાષ્ટ્રના લેખકો રાષ્ટ્રના બૌદ્ધિક જીવનનાં વીજ અને વરાળ માપવાનાં યંત્રો છે, નોંધ લેતા સાધનો છે. એમના અહેવાલમાં બનાવટ હોય તો પારાવાર હાનિ થાય.

આપણા રાષ્ટ્રનાં વીજ-વરાળ માપવાનાં યંત્રની, એક સાચા સંનિષ્ઠ સર્જકની તાતી જરૂર આજે છે. એ પહેલાં આટલી ક્યારેય નહોતી.

તમને એવું નથી લાગતું !